**Children's RESEARCH UNIVERSITY**

# Brief Overview of the Activities of the Prenatal Care Department (Year-2025-26 Photographs)

In the academic year 2025–26, under the esteemed guidance of Hon'ble Vice-Chancellor Dr. T. S. Joshi, our department has been able to undertake programmes directed towards holistic development and the right orientation. Among these, a major achievement under extension activities has been the execution of nearly 26 Memoranda of Understanding (MOUs) with various institutions.

Another significant endeavour has been the organization of approximately 170 expert lectures through the BISAG Channel–05 platform, operated under the Government of Gujarat. These sessions, delivered by subject experts, proved highly beneficial for expectant mothers on a wide range of topics related to maternal well-being and child development.

In addition to this, the department successfully organized several couples' conferences and programmes relating to *Simant Sanskar* (traditional prenatal cultural ceremonies). Regular online as well as offline classes are being conducted consistently.

Further, through the BISAG platform, the department has effectively reached health department personnel and Anganwadi workers in the districts of Bhavnagar, Botad, Sabarkantha, and Aravalli, thereby extending the impact of these initiatives to the grassroots level.








FOUR WAY TEST OF THE
THINGS, WE THINK SAY OR D
1. Is it the TRUTH ?
2. Is it FAIR to all CONCERNED ?
3. Will it build GOODWILL and BETTER FRIENDSHIP ?
4. Will it be BENEFICIAL to all CONCERNED ?
FOUNDER OF ROTARY
PAUL P HARRIS
NNER WHEEL CLUB OF VISNAGAR
International Organisation of Women for Frendship & Service
Kay Morland
Bindu Gupta
SECRETARY


LLOYD


LIVE


LIVE
LLOYD






SANKALCHAND PATEL
UNIVERSITY


શું આપ ઈચ્છો છો ?
ગર્ભ સંસ્કાર
મહા સેમિનાર




@Jay Oza


।। आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः ।।
(Let Noble Thoughts Come To Use From Every Side) -Rugved 1:89:1
NSN INTERNATIONAL SCHOOL
Brighter Minds
(Enriching Young Minds)
G. HIGHWAY, VISNAGAR, GAJARAT






શ્રી અરવિંદ યોગ કેન્દ્ર
ધ્યાન ખંડ





૫
મનુષ્ય પોતે જ પોતાના
નસીબનો ઘડવૈયો છે.
૪






Children's Research University
Welcomes you all
MOU Meeting



# ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા સામૂહિક સીમંતોન્નયન સંસ્કારવિધિ કાર્યક્રમનું આયોજન

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૨

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે તપોવન કેન્દ્રના લાભાર્થી સગર્ભા બહેનો માટે આઠમા સામૂહિક સીમંતોન્નયન સંસ્કાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર અને વૈદિક વિધિગત સંસ્કાર પ્રસંગે સગર્ભા માતાઓ અને તેમના ગર્ભસ્થ શિશુના આરોગ્ય, સુખ અને સ્નેહમય જીવન માટે મંત્રોચ્ચાર અને વિશેષ વિધિઓ દ્વારા આ શુભ સંસ્કાર સંપન્ન કરવામાં આવ્યો.

આ કાર્યક્રમમાં કુલ ૨૬ દંપતીઓની સામૂહિક સીમંતોન્નયન સંસ્કારવિધિ કરવામાં આવી હતી. સગર્ભા બહેનો અને તેમના ગર્ભસ્થ શિશુનું શારીરિક અને માનસિક આરોગ્ય ઉત્તમ રહે તે હેતુથી વૈદિક મંત્રોચ્ચાર અને વિધિવિધાન સાથે સીમંતોન્નયન સંસ્કાર કરાવવામાં આવ્યા. આ હેતુસર ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના માનનીય કુલપતિ ડૉ. ટી. એસ. જોશી સાહેબના માર્ગદર્શનમાં સમગ્ર આયોજન કરવામાં આવ્યું. સીમંતોન્નયન સંસ્કારની વિધિ શ્રી જયદેવ ધાંધિયા દ્વારા પૂર્ણ કરાવવામાં આવી.

વૈદિક પરંપરાઓ અને આયુર્વેદ મુજબ ગર્ભસ્થ શિશુ માટે આ સંસ્કાર ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ વિધિ દરમિયાન ગર્ભાવસ્થા દરમિયાન માતા-શિશુના આરોગ્ય અને શિશુના સંતુલિત વિકાસ માટે જરૂરી આહાર, ધ્યાન અને સંસ્કાર અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું. કાર્યક્રમના અંતે દરેક સગર્ભા બહેનોને ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી તરફથી પ્રમાણપત્રની ભેટ આપવામાં આવી હતી.



સીમંતોન્નયન સંસ્કાર કાર્યક્રમને સફળ બનાવવા માટે ડો. વૃંદન જયસ્વાલ (સંયોજક) તેમજ ડો. જલ્પાબેન પટેલ અને ડૉ. સુનિલકુમાર જાદવ (સહ-સંયોજકો) દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ માટે વિભાગના અધ્યક્ષ ડો. રાકેશ પટેલે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.



# પાટનગરમાં ૧૪ દંપત્તીઓના વૈદિક મંત્રોચ્ચાર સાથે સીમંતોન્નયન સંસ્કાર

## ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિ.માં સીમંતોન્નયન સંસ્કારક કાર્યક્રમનું આયોજન

। ગાંધીનગર । (સં.ન્યૂ.સ.)

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ખાતે ભારતીય સંસ્કૃતિની ગૌરવસભર પરંપરાને જીવંત રાખતા સામૂહિક સીમંતોન્નયન સંસ્કારક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટી દ્વારા સંચાલિત તપોવન ગર્ભસંસ્કાર કેન્દ્રના લાભાર્થી સગર્ભા બહેનો માટે આયોજિત નવમા સામૂહિક સીમંતોન્નયન સંસ્કાર કાર્યક્રમમાં કુલ ૧૪ દંપત્તીઓએ સપરિવાર ભાવભેર ભાગ લીધો હતો. કુલપતિ ડૉ. ટી. એસ. જોષીએ તમામ સગર્ભા બહેનોને શ્રેષ્ઠ સંતાન પ્રાપ્તિના હૃદયપૂર્વક આશીર્વાદ પાઠવ્યા હતા અને આવનારી પેઢી મૂલ્યનિષ્ઠ, સંસ્કારસભર બની



ભારતના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપે તેવી ભાવસભર શુભેચ્છા વ્યક્ત કરી હતી. ભારતીય સંસ્કૃતિમાં માનવ જીવનના સર્વાંગી વિકાસ માટે વિચારવામાં આવેલાં સોળ સંસ્કારોમાં ત્રીજો સંસ્કાર એટલે કે સીમંતોન્નયન સંસ્કાર સગર્ભા માતાના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની સાથે સંતાનના સુખદ ભાવિ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. આ સંસ્કારના માધ્યમથી માતાના ચિંતન, ભાવનાઓ અને જીવનશૈલી માતૃત્વ માટે અનુકૂળ બને છે અને બાળક માટે ઉત્તમ સંસ્કારનો આધાર સ્થાપિત થાય છે. સગર્ભા બહેનો અને તેમના ગર્ભસ્થ શિશુનું શારીરિક અને માનસિક આરોગ્ય ઉત્તમ રહે તે હેતુથી વૈદિક મંત્રોચ્ચાર અને વિધિવિધાન સાથે સીમંતોન્નયન સંસ્કાર કરાવવામાં આવ્યો હતો.વિધિ દરમિયાન ગર્ભાવસ્થા દરમિયાન માતા-શિશુના આરોગ્ય અને શિશુના સંતુલિત વિકાસ માટે જરૂરી આહાર, ધ્યાન અને સંસ્કાર અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



ગુજરાત સમાચાર Gandhinagar 01-02-2026

# સામુહિક સિમંતોન્નયન સંસ્કાર કાર્યક્રમ



ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ખાતે તાજેતરમાં સામૂહિક સીમંતોન્નયન સંસ્કાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવ સટી દ્વારા સંચાલિત તપોવન ગર્ભ સંસ્કાર કેન્દ્રના લાભાર્થી સગર્ભા બહેનો માટે યોજાયેલા કાર્યક્રમમાં ૧૪ નવદંપતિઓએ પરિવાર સાથે ભાગ લીધો હતો. વૈદિક મંત્રોચ્ચાર અને વિધિવિધાન સાથે સંસ્કાર આપવામાં આવ્યા હતા.



# Children's
## RESEARCH UNIVERSITY

### પ્રિ-નેટલ કેર

અને

### ટોડલર એજ્યુકેશન વિભાગ

દ્વારા આયોજિત

## કાઉન્સેલર પ્રશિક્ષણ વર્ગ



**તારીખ : ૧૯/૦૬/૨૦૨૫, ગુરુવાર**

**સ્થળ : કોન્ફરેન્સ હોલ, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર**

## ગાંધીનગર 30-01-2026

# શહેર-સમાજ

દિવ્ય ભાસ્કર, અમદાવાદ, શુક્રવાર, 30 જાન્યુઆરી, 2026

### 'શોધ સેમિનાર સિરીઝ'માં વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક માર્ગદર્શન અપાયું

# ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની મુલાકાતે શિક્ષણમંત્રી ત્રિકમ છાંગા, બાળકેન્દ્રિત સંશોધન કાર્યની પ્રશંસા

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણના રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી ત્રિકમભાઈ છાંગાની ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની મુલાકાત દરમિયાન બાળકેન્દ્રિત શિક્ષણ, શોધ અને સંશોધન ક્ષેત્રે થઈ રહેલા કાર્યની પ્રશંસા કરવામાં આવી હતી અને વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.ગાંધીનગર સ્થિત ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની આજે રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી ત્રિકમભાઈ છાંગાએ મુલાકાત લીધી હતી. આ અવસરે યુનિવર્સિટીના કુલપતિ ડૉ. ટી. એસ. જોષીએ તેમનું સ્વાગત કર્યું હતું. શિક્ષણમંત્રીશ્રીએ યુનિવર્સિટીમાં આયોજિત 'શોધ સેમિનાર સીરિઝ'ના ઉદ્દઘાટન સત્રમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને સંબોધન કર્યું હતું.તેમણે જણાવ્યું હતું કે, બાળકોના સર્વાંગી વિકાસને કેન્દ્રમાં રાખી કાર્ય કરતી દેશની એકમાત્ર યુનિવર્સિટી તરીકે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીનું મહત્વ વિશેષ છે. 'વાંચે ગુજરાત' અભિયાનનો ઉલ્લેખ કરતાં તેમણે શિક્ષણને વ્યક્તિગત વિકાસ અને મૂલ્યવર્ધન સાથે જોડ્યું હતું.શિક્ષણમંત્રીએ કહ્યું હતું કે, શિક્ષણનો અર્થ માત્ર વાંચન-લેખન સુધી સીમિત નથી, પરંતુ વ્યક્તિત્વમાં રહેલી શ્રેષ્ઠ ક્ષમતાને ઉજાગર કરવાનો પ્રયાસ છે. આ પ્રસંગે તેમણે પીએચ.ડી. વિદ્યાર્થીઓ માટે નિર્મિત બે નવા ક્લાસરૂમનું લોકાર્પણ કર્યું હતું તેમજ તપોવન ગર્ભસંસ્કાર કેન્દ્ર, ટોય સાયન્સ સેન્ટર સહિતના વિભાગોની મુલાકાત લઈ યુનિવર્સિટીના સંશોધન આધારિત કાર્યોની પ્રશંસા કરી હતી.



### માણસા ખાતે પી.એમ.સ્વનિધિ યોજના અંતર્ગત

### ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ કોર્ટ પ્રાંગણમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી

# પાટનગરમાં ૧૪ દંપત્તીઓના વૈદિક મંત્રોચ્ચાર સાથે સીમંતોન્નયન સંસ્કાર

## ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિ.માં સીમંતોન્નયન સંસ્કારક કાર્યક્રમનું આયોજન

| ગાંધીનગર | (સં.ન્યૂ.સ.)

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ખાતે ભારતીય સંસ્કૃતિની ગૌરવસભર પરંપરાને જીવંત રાખતા સામૂહિક સીમંતોન્નયન સંસ્કારક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટી દ્વારા સંચાલિત તપોવન ગર્ભસંસ્કાર કેન્દ્રના લાભાર્થી સગર્ભા બહેનો માટે આયોજિત નવમા સામૂહિક સીમંતોન્નયન સંસ્કાર કાર્યક્રમમાં કુલ ૧૪ દંપત્તીઓએ સપરિવાર ભાવભેર ભાગ લીધો હતો. કુલપતિ ડૉ. ટી. એસ. જોષીએ તમામ સગર્ભા બહેનોને શ્રેષ્ઠ સંતાન પ્રાપ્તિના હૃદયપૂર્વક આશીર્વાદ પાઠવ્યા હતા અને આવનારી પેઢી મૂલ્યનિષ્ઠ, સંસ્કારસભર બની



ભારતના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપે તેવી ભાવસભર શુભેચ્છા વ્યક્ત કરી હતી. ભારતીય સંસ્કૃતિમાં માનવ જીવનના સર્વાંગી વિકાસ માટે વિચારવામાં આવેલાં સોળ સંસ્કારોમાં ત્રીજો સંસ્કાર એટલે કે સીમંતોન્નયન સંસ્કાર સગર્ભા માતાના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની સાથે સંતાનના સુખદ ભાવિ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. આ સંસ્કારના માધ્યમથી માતાના ચિંતન, ભાવનાઓ અને જીવનશૈલી માતૃત્વ માટે અનુકૂળ બને છે અને બાળક માટે ઉત્તમ સંસ્કારનો આધાર સ્થાપિત થાય છે. સગર્ભા બહેનો અને તેમના ગર્ભસ્થ શિશુનું શારીરિક અને માનસિક આરોગ્ય ઉત્તમ રહે તે હેતુથી વૈદિક મંત્રોચ્ચાર અને વિધિવિધાન સાથે સીમંતોન્નયન સંસ્કાર કરાવવામાં આવ્યો હતો.વિધિ દરમિયાન ગર્ભાવસ્થા દરમિયાન માતા-શિશુના આરોગ્ય અને શિશુના સંતુલિત વિકાસ માટે જરૂરી આહાર, ધ્યાન અને સંસ્કાર અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# આરોગ્યપ્રદ જીવનશૈલી માટે ફુડ લેબલ્સના અર્થઘટન વિશે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ખાતે વર્કશોપ યોજાયો

ગાંધીનગર

સ્વસ્થ અને સમજદારીપૂર્વક ખોરાકની પસંદગી અંગે જાગૃતિ વધારવાના ઉદ્દેશ સાથે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીનાડિપાર્ટમેન્ટ ઓફ પ્રિનેટલ કેરદ્વારા "Interpretation of Food Labels for Intelligent Nutrition" વિષય પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.આ વર્કશોપમાં જામનગરના પ્રખ્યાત સિનિયર પીડિયાટ્રિશિયનડૉ. દીપક પાંડેએ માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે યુનિવર્સિટીના માનનીય કુલસચિવશ્રી, વિવિધ વિભાગોના નિયામકશ્રીઓ, અધ્યાપકો, સ્ટાફગણ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.





આ પ્રસંગે ડૉ. દીપક પાંડેએ જણાવ્યું હતું કે, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના એક રિપોર્ટ અનુસાર ૫૬.૪% બીમારી બિનઆરોગ્યપ્રદ આહારને કારણે થાય છે. જો આપણે આરોગ્યપ્રદ આહાર ઉપર ધ્યાન આપીએ તો ૫૬% બીમારીઓથી બચી શકીએ છીએ. આ સાથે તેઓએ દૈનિક જીવનમાં વપરાતાં વિવિધ ફૂડ પેકેટ્સ ઉપર છપાયેલ પોષણ માહિતી, ઘટકો, કેલરી, ફેટ, શુગર અને અન્ય મહત્વપૂર્ણ વિગતોને યોગ્ય રીતે કેવી રીતે વાંચવી અને સમજવી તે અંગે વિસ્તૃત સમજ આપી હતી.

ડૉ. પાંડેએ ખોટી માહિતી અને ભ્રામક દાવાઓથી દૂર રહી સ્વસ્થ અને સંતુલિત આહાર પસંદ કરવાની આવશ્યકતા પર ખાસ ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડના વધતા ઉપયોગને કારણે બ્લડપ્રેશર, હાર્ટ એટેક, ડાયાબિટીસ, હાઈપર એક્ટિવિટી, ઓબેસિટી તેમજ કેન્સર જેવી અનેક શારીરિક અને માનસિક બીમારીઓનું જોખમ વધી રહ્યું છે. ખાસ કરીને બાળકોમાં અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડના કારણે હાઈપર એક્ટિવિટી વધતી જઈ રહી હોવાની ચિંતા પણ તેમણે વ્યક્ત કરી હતી.

કાર્યક્રમ દરમિયાન ખોરાક સંબંધિત જાગૃતિ, પોષણજ્ઞાન અને આરોગ્યસંભાળના મહત્ત્વ અંગે વિદ્યાર્થીઓ સાથે સંવાદ પણ યોજાયો હતો. આ દરમિયાન ડૉ. દીપક પાંડેએ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી સાથે મળીનેસગર્ભાવસ્થા પહેલાં જ મહિલાઓને આરોગ્યપ્રદ આહાર અને ફૂડ લેબલ્સ અંગે જાગૃત કરવાનો સંકલ્પવ્યક્ત કર્યો હતો, જેથી સગર્ભાવસ્થા દરમિયાન માતા અને ગર્ભસ્થ શિશુ તેમજ પ્રસૂતિ બાદ જન્મનાર બાળકના આરોગ્યમાં સકારાત્મક અસર પડે.






All mothers
Heartily Welcome
to
Environmental Sanitation Institute


FOUR WAY TEST OF THE
THINGS, WE THINK SAY OR DO
1. Is it the TRUTH ?
2. Is it FAIR to all CONCERNED ?
3. Will it build GOODWILL and
BETTER FRIENDSHIP ?
4. Will it be BENEFICIAL to all
CONCERNED ?
Rotary
Club of Visnagar
રોટરી કલબ ઓફ વિસનગર અને
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર
ગર્ભ સંસ્કાર
Rotary
Club Visnagar





SEPTEMBER
Alankar



Children's
RESEARCH UNIVERSITY

## તપોવન કેન્દ્ર

# ગર્ભ સંસ્કાર અને શિશુપરામર્શન




Online

## BISAG Lecture series

ગુજરાતની તમામ સગર્ભા બહેનો માટેનો કાર્યક્રમ
તેમજ જન્મથી ૩ વર્ષના બાળકોના માતા - પિતાને માર્ગદર્શન




ગુજરાત પ્રદેશ - વિદ્યાભારતી પ્રતિષ્ઠાન સંલગ્ન
સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવા સમાજ સંચાલિત
જી. બદાણી વિદ્યાલય
માધ્યમિક - ઉચ્ચ માધ્યમિક વિદ્યામંદિર
સરસ્વતી શિશુમંદિર
પ્રવીણકાકા મણીઆર કેમ્પસ
SMT. DAYABEN G.
SAFAL VIDYALAYA



શ્રી વિદ્યાભારતી વનવાસી શિક્ષણ સમિતિ,
સંચાલિત
આનંદ બાલવાટિકા અયોજિત સંસ્કાર કાર્યક્રમ
મુ. કાકડકૂઈ, પો. થવા, તા. નેત્રંગ જી. ભરૂચ, ૩૯૩૧૩૦

આનંદ સાથે જણાવવાનું કે માધવ વિદ્યાપીઠ પરિસરમાં આસપાસની આંગણવાડીમાંથી આવતી સગર્ભા માતાઓ, બાળકો, વગેરેના એક સંસ્કાર કાર્યક્રમનું આયોજન થયું છે જેમા આપશ્રીને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

**કાર્યક્રમ**

સગર્ભા માતાઓનો સીમન્ત સંસ્કાર
નામકરણ સંસ્કાર
અન્નપ્રાશન સંસ્કાર
વિદ્યારંભ સંસ્કાર

**અતિથિ વિશેષ**

શ્રીમતિ ઉન્નતિ બહેન પંચાલ
વન અધિકારી
સગાઈ (ડેડિયાપાડા)

મા. શ્રી ટી. એસ. જોશી સાહેબ
કુલપતિશ્રી
બાલ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર

શ્રીમતિ ઉર્મિલા બહેન
ઈન્ચાર્જ સી.ડી.પી.ઓ.
નેત્રંગ

દિનાંક:– ૨૧/૦૪/૨૦૨૫ સોમવાર
સમય:– બપોરે ૧૦:૩૦ થી ૦૧:૦૦ કલાકે
બપોરે ભોજન (પ્રસાદી) સાથે લઈશું
સંપર્ક સૂત્ર :– વિજયસિંહ સુરતિયા મો. ૯૪૨૭૧ ૦૫૦૪૨
નિલેશભાઈ અધેરા મો. ૯૮૯૮૪ ૪૪૧૧૯

**ભવદીય**

શ્રી માધવ વિદ્યાપીઠ પરિવાર
આનંદ બાલવાટિકા










सा विद्या या विमुक्तये
विद्या भारती
વિદ્યાભારતી અખિલ ભારતીય શિક્ષા સંસ્થાન સંબદ્ધ
વિદ્યાભારતી, ગુજરાત પ્રદેશ સંલગ્ન
વિદ્યાભારતી વનવાસી શિક્ષણ સમિતિ સંચાલિત
શ્રી માધવ વિદ્યાપીઠ
(માતુશ્રી ગોદાવરીબહેન ગાંડાભાઈ ઝડફિયા વિદ્યાસંકુલ)
ના વિદ્યાલય ભવનનું લોકાર્પણ
માનનીય શ્રી મોહનજી ભાગવત(સરકાર્યવાહ-રા.સ્વ.સેવક સંઘ)
માનનીય શ્રી બ્રહ્મદેવજી શર્મા (સંગઠન મંત્રી વિદ્યાભારતી)
ના વરદ્ હસ્તે
પોષ સુદ ૧૪, યુગાબ્દ ૫૧૦૮, ૨, જાન્યુઆરી ૨૦૦૭ ના શુભ દિને કરવામાં આવ્યું.


PUSH







નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલી.
શાળાઓનો સમન્વય વાર્ષિકોત્સવ
ઉલ્લાસ (3.0)
૨૦૨૫
પ્રયાસનો પ્રસન્ન પ્રવાસ
તારીખ
સ્થળ
realme Shot on realme 8s 5G









LIVE
Free Dish
acer


LIVE
Free Dish
acer














vivo S1 Pro
48MP AI Quad Camera
2025.07.19 12:07


મહિલાઓ માટે નિઃશુલ્ક તપાસ
Cervical Cancer
Screening With Acetic Ac
તાલીમ હોલ
યોગા હોલ





Children's
RESEARCH UNIVERSITY

# માતૃત્વ નવપદી




**ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી**

સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, રાજભવનની નજીક,
સેક્ટર-૨૦, ગાંધીનગર - ૩૮૨૦૨૧. ફોન : ૦૭૯ - ૨૩૨૪૪૫૭૬, ૨૩૨૪૪૫૬૯
ઇ-મેલ : contact@cugujarat.ac.in • વેબસાઇટ : www.cugujarat.ac.in

દિવ્ય ભાસ્કર અમદાવાદ 30-07-2025

PARENTING INSIGHTS આચાર્ય દેવવ્રતે પેરેન્ટિંગ, બાળકોની આદતો પર વાત કરી

# બાળપણના સંસ્કાર ભવિષ્ય સર્જે છે

## જન્મના 6 મહિના સુધી, માતાના ખોરાકની અસર બાળક પર રહે છે

ગાંધીનગર: 'વિજ્ઞાન સિગ્મંડ અનુસાર, જ્યાં સુધી બાળક માના ખોળામાં રહે, ત્યારે જ તેને સંસ્કાર આપો. કારણ કે, તે સંસ્કાર ભવિષ્યનું નિર્માણ કરે છે. જો પેરેન્ટ્સ વિચારે કે, બાળકોને ખબર નહીં પડે, તો એ સમજો કે, તેમને તમારાથી પણ વધારે ખબર પડે છે. કારણ કે, તેમનું કામ માત્ર અવલોકન કરવું છે. માતાએ તે સમજવું જોઈએ કે, જન્મના 6 મહિના પછી પણ, માના ખોરાકની અસર બાળક પર રહે છે' આ શબ્દો છે, રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના. જેમણે, ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટીની 'ધન્યોગૃહસ્થાશ્રમ'માં પેરેન્ટિંગ વિશે વાત કરી હતી.

### પેરેન્ટ્સે બાળકને પ્રોફેશનલ નહીં, યોગ્ય માનવ બનાવવા મહેનત કરવી જોઈએ



• આચાર્ય દેવવ્રત, રાજ્યપાલ, ગુજરાત

દરેક માતા-પિતાની બધી જ એનર્જી બાળકને ડોક્ટર, એન્જિનિયર, પાયલટ, બિઝનેસમેન બનાવવામાં લાગી છે. પરંતુ યોગ્ય માણસ બનાવવા પર કોઈ મહેનત નથી કરતું. જેના પરિણામે વિશ્વમાં સંવેદનશીલતા, નમ્રતા, માનવતા જોવા નથી મળતી. આજે દેશ એકબીજા સાથે લડી રહ્યાં છે, ભાઈ-ભાઈ લડી રહ્યાં છે, પતિ-પત્ની લડી રહ્યાં છે. આપણે એવો સમાજ ઉભો કર્યો છે, જેમાં સૌમ્યતા, નમ્રતા, દયા, ઉપકારની ભાવના નથી, ફક્ત ઈર્ષ્યા, મારધાડ, દ્વેષ છે.

કમાલ તો એ છે કે, આપણે તેને ધર્મ સાથે જોડ્યા છે. એક વ્યક્તિ બીજા વ્યક્તિનો આધાર બનવો જોઈએ, પણ આજે આપણે ફક્ત એ જ ધર્મ માનીએ છીએ કે, જે વ્યક્તિ આપણા વિચારોને નહીં માને તેને ધરતી પર રહેવાનો અધિકાર નથી. આ કેવી માનવતા છે. આપણે વિચારવું જોઈએ કે સાયન્ટિસ્ટ્સે કેટલાંય આવિષ્કાર સુખ અને સુવિધાઓ માટે કર્યા છે. જેનાથી જો માનવ એકબીજાનો આધાર બની રહે, તેમાં પ્રેમ, સહિષ્ણુતા, કરુણા હોય તો શું પૃથ્વી જ સ્વર્ગ ન થઈ જાય? પરંતુ, આ સ્વર્ગને માનવીય વિચારધારાએ નર્ક બનાવી દીધું છે.

આપણે આ વસ્તુ જાણવી જોઈએ કે બાળક 4-5 અઠવાડિયા બાદ આંખથી જોઈ શકે છે. પરંતુ, ગર્ભમાં 7મા મહિનાથી જ બાળક સાંભળવાની શરૂઆત કરી દે છે. તે સમયે પેરેન્ટ્સ શું કરે છે, શું બોલે છે, ઝઘડો કરે છે વગેરે જેવી બાબતો ગર્ભસ્થ બાળક અનુભવ કરે છે. માતા-પિતા જે વાતાવરણ આપે છે, બાળક તે ગર્ભમાં જ શીખવાનું શરૂ કરે છે. માટે જ ગર્ભમાં બાળકને યોગ્ય વાતાવરણ આપવું ખૂબ જરૂરી છે.

**1.** આ ધરતી પર અસંખ્ય પ્રાણી છે. આપણાં ધર્મશાસ્ત્રએ આ અસંખ્ય પ્રાણીમાંથી મનુષ્યને સર્વશ્રેષ્ઠ પ્રાણી માન્યો છે. તેથી, બાળકને પણ તે પ્રકારના જ સંસ્કાર આપવા જોઈએ. જો આપણે શ્રેષ્ઠ છીએ, તો ધરતીની પ્રકૃતિ પણ સારી રહેશે. ક્લાઈમેટ પણ યોગ્ય રહેશે અને સુખ-શાંતિ પણ હશે.

**2.** રિસર્ચ સ્કોલર ઋષિનો અપભ્રંશ શબ્દ છે. ભારતના દરેક ઋષિ રિસર્ચ સ્કોલર જ હતા. તેથી તેમણે 16 સંસ્કાર બનાવ્યાં. જો તમે, ગર્ભાવસ્થા અને બાળપણમાં જ બાળકોને તે સંસ્કાર આપશો તો, તે સાચા અર્થમાં મનુષ્ય બનશે. પરંતુ જો માનવ જ માનવ ન રહ્યો, તો બધું જ હોવા છતાં પણ ધરતી નર્ક બની જશે.

**3.** ગર્ભાવસ્થા દરમિયાન, બાળકના જન્મ બાદના 6 મહિના માતાએ ભોજનમાં ધ્યાન રાખવાની જરૂર હોય છે. કારણકે, જો માતા જ યોગ્ય આહાર ન લે અથવા તો ભેળસેળવાળો આહાર લે તો, બાળકના સ્વાસ્થ્ય પર વિપરીત અસર થઈ શકે છે. તેથી પૌષ્ટિક અને ઘરનો જ આહાર લેવો જોઈએ.

**4.** 'ધન્યોગૃહસ્થાશ્રમ' એ એવી ગૃહસ્થ જીવનશૈલી છે, જેને ધર્મ, નૈતિકતા, જવાબદારી અને સાત્વિક જીવનમૂલ્યો સાથે જીવતા શીખવાડે છે. કારણ કે, તેમાં પરિવારના લાભ સાથે જ સમાજ અને ધર્મ માટે પણ યોગદાન રહેલું છે. માટે જ ગર્ભમાં બાળકને યોગ્ય વાતાવરણ આપવું ખૂબ જરૂરી છે.

દિવ્ય ભાસ્કર ગાંધીનગર 30-07-2025

# દેશની ભાવિ પેઢીને સજ્જન, સંવેદનશીલ, સત્યવાદી માનવી બનાવો : રાજ્યપાલ


## બાળક માતાપિતા, સમાજ અને શિક્ષણ પ્રણાલીથી મહાન માણસ બની શકે

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર



સમાજ, રાષ્ટ્ર અને વિશ્વમાં શાંતિ ત્યારે જ શક્ય બનશે જ્યારે આપણે ભવિષ્યની પેઢીને માત્ર ડોક્ટરો, એન્જિનીયરો, અધિકારીઓ જ નહી પરંતુ સજ્જન, સંવેદનશીલ અને સત્યવાદી માનવી બનાવવાને પ્રાથમિક્તા આપીએ તેમ રાજ્યપાલે ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટી ખાતે યોજાયેલા ધન્યોગૃહસ્થાશ્રમ યુગલ માર્ગદર્શન કાર્યક્રમમાં જણાવ્યું હતું. વધુમાં માનવ નિર્માણ માટેની પ્રથમ પ્રયોગશાળા પરિવાર છે. માતા-પિતા તે પ્રયોગશાળાના વૈજ્ઞાનિકો હોવાથી બાળકોમાં સંસ્કારોથી સિંચવાથી બાળક ભવિષ્યમાં સમાજ, રાષ્ટ્ર અને માનવતાના કલ્યાણનો આધાર બની શકે છે.

ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટી ખાતે યોજાયેલા ધન્યોગૃહસ્થાશ્રમ યુગલ માર્ગદર્શન કાર્યક્રમમાં ઉપસ્થિત રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે મહર્ષિ ચરકની જન્મજયંતીને યાદ કરતા જણાવ્યું હતું કે હજારો વર્ષ પહેલાં આયુર્વેદમાં એવા સંશોધનો થયા હતા ત્યાં સુધી આજનું વિજ્ઞાન પહોંચી શક્યું નથી. પ્રાચીન ઋષિઓ અને સંતોએ પર્વતો અને જંગલોમાં રહીને ઘણા સંશોધનો કર્યા હતા. તેમને જ્ઞાન હતું કે, જો માનવોને ખરેખર 'માનવ' બનાવવામાં આવે, તો પૃથ્વી પર જ સ્વર્ગ ઉતરી શકે તેમ છે. પરંતુ જો માનવતાનો અભાવ હોય તો આ પૃથ્વી નર્ક બની શકે છે. બાળકનું નિર્માણ માતાના ગર્ભથી શરૂ થાય છે. ભારતના ઋષિમુનિઓએ 'સંસ્કાર'ની પ્રક્રિયાને માત્ર એક સામાજિક વિધિ તરીકે નહીં પણ એક વૈજ્ઞાનિક પ્રણાલી તરીકે રજૂ કરી હતી. ગર્ભધારણથી અગ્નિસંસ્કાર સુધીના 16 સંસ્કારોનો ખ્યાલ આપવામાં આવ્યો હતો જેથી માણસ માત્ર શરીરથી જ નહીં પરંતુ ગુણોમાં પણ શ્રેષ્ઠ બને છે. આજની સમસ્યા એ નથી કે સંસાધનોનો અભાવ છે. પરંતુ સંવેદનશીલતા, સહિષ્ણુતા, કરુણા અને પ્રેમનો અભાવ છે. સમાજ, રાષ્ટ્ર અને વિશ્વમાં શાંતિ ત્યારે જ શક્ય છે, જ્યારે આપણે ભવિષ્યની પેઢીને માત્ર ડોક્ટરો, એન્જિનિયરો, અધિકારીઓ જ નહીં પરંતુ સજ્જન, સંવેદનશીલ અને સત્યવાદી માનવી બનાવવાને પ્રાથમિક્તા આપવી જોઈએ. જેમ સામાન્ય લોખંડ અને પ્લાસ્ટિક વિજ્ઞાનના સ્પર્શથી માઈક્રોફોન જેવા ઉચ્ચ ગુણવત્તાવાળા ઉપકરણમાં પરિવર્તિત થાય છે, તેવી જ રીતે, જો એક સામાન્ય બાળકને માતાપિતા, સમાજ અને શિક્ષણ પ્રણાલી તરફથી યોગ્ય સંસ્કાર મળે, તો તે મહાન માણસ બની શકે છે.


meet.google.com/hcd-ojbg-crr?pli=1&authuser=2
Rupam Upadhyaya
Sunil Jadav
PA TO VC
Rajan Jani
Yoganjali Ashram
Chavda Rajni
Rajshree Patel
13 others
Department of Tapovan
13:03 | Online Orientation Program 10/...
Type here to search
30°C
ENG






Children's Research University
सत्यम् ऋतम् बृहत्
Children's
RESEARCH UNIVERSITY
DEPARTMENT OF PRENATAL CARE
ORGANIZE
सीमंतोन्नयन संस्कार







